મોડાસા હાઈસ્કૂલના શતાબ્દી મહોત્સવ ઉજવણી નીમીત્તે વિરાટ રેલી

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર શૈક્ષણિક નગરી તરીકે આગવી ઓળખ ધરાવે છે. મોડાસા કેળવણી મંડળ અને મંડળ સંચાલિત મોડાસા હાઈસ્કૂલના શતાબ્દી મહોત્સવની ઉજવણી રંગારંગ ચાલી રહી છે. ઉજવણીના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ અને સંસ્થાના અગ્રણીઓ સાથે વિવિધ ટેબ્લો સાથે મોડાસા નગરના પરિભ્રમણ રૂપી વિરાટ રેલી શિસ્તબદ્ધ રીતે યોજાઈ હતી. મોડાસા હાઈસ્કૂલના નવા ભવનના ૨.૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ કાર્યમાં શહેરીજનોને ઉદાર હાથે દાન આપવાનું પણ આહવાન કરવામાં આવ્યું હતું.

મોડાસાના સુપ્રસિદ્ધ સિદ્ધિ વિનાયક મંદિરમાં ભગવાન ગણપતિને ઠંડીથી બચાવવા શાલ અર્પણ કરતા ભક્તો

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લામાં તાપમાન ૧૧ ડિગ્રીની આસપાસ

રહેતા અને બર્ફીલા પવનો ફૂંકાતા ગાત્રો થીજવતી ઠંડીથી જનજીવન પ્રભાવિત બન્યું છે, ત્યારે મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં આવેલા અતિ પ્રાચીન વિઘ્નહર્તા ગણપતિદાદાના સુપ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરમાં આવતા ભક્તો ભગવાન ગણપતિદાદાને અવનવી શાલ અર્પણ કરી રહ્યા છે. મંદિરમાં પૂજારી દ્વારા અર્પણ થતી શાલ ઓઢાડી ભગવાન આગળ સવાર-સાંજના સુમારે સગડી દ્વારા ભગવાનને પણ ઠંડીથી રક્ષણ મળી રહે તેવો ભાવ ભક્તો અને પૂજારી દ્વારા અર્પણ કરવામાં આવી રહ્યો છે.

મોડાસાના સિદ્ધિવિનાયક મંદિરના પૂજારી સચિન ભટ્ટના જણાવ્યા અનુસાર વર્ષોથી આ પરંપરા ચાલી આવે છે. મોડાસામાં બિરાજમાન મનોકામના સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટ દ્વારા દર શિયાળામાં ભક્તો દ્વારા ભગવાનને જે શાલ અર્પણ કરવામાં આવે છે આ તમામ અલગ અલગ શાલ જે ગરીબ લોકોને ઠંડીથી રક્ષણ મળી રહે તે માટે દાન કરી દેવામાં આવે છે. શ્રાદ્ધ સાથે દાનનું મહત્વ પણ જળવાઈ રહે છે.

સાબરકાંઠામાં ટેકાના ભાવે મગફળી વેચવા ખેડૂતોને મુશ્કેલીઓ

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લામાં અંદાજે ૩૫ દિવસ અગાઉ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી જિલ્લાના ૬ કેન્દ્રો પરથી શરૂ કરાઈ હતી. પરંતુ ગમે તે કારણસર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવનાર જિલ્લાના ૧૪ હજાર ખેડૂતો પૈકી અત્યાર સુધીમાં ફક્ત ૪ હજાર ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી પુરવઠા નિગમ કરી શક્યુ છે. તો બીજી તરફ ખેડૂતોના ઘરે પડી રહેલી મગફળીમાં જીવાતનો ઉપદ્રવ થવાને કારણે ખેડૂતોના માથે નવી આફત આવી છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના આવેલા ૬ ખરીદ કેન્દ્રો પરથી પુરવઠા નિગમ દ્વારા ૩૫ દિવસ અગાઉ ટેકાના ભાવે એટલે કે પ્રતિ ૨૦ કિલોના રૂ. ૧ હજાર મુજબ મગફળીની ખરીદીની કામગીરી શરૂ કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કામાં બારદાન અને ખરીદ કેન્દ્રોમાં જગ્યાના અભાવે ખરીદીની કામગીરી મંથર ગતિએ ચાલતી હતી. જેને લઈને ખેડૂતોએ કરેલા હોબાળા બાદ તેમાં સુધારો થયો હતો.

બીજી તરફ મગફળીની ખરીદીનું સંચાલન ગાંધીનગર ખાતેથી થતું હોવાને કારણે ઘણી વખત ટેકનીકલ ખામીને કારણે સર્વર ધીમી ગતિએ ચાલતુ હોવાને કારણે ખરીદીની કામગીરીમાં દિવસો સુધી વિલંબ થઈ જાય છે.

દરમ્યાન ૩૫ દિવસમાં સાબરકાંઠાના તલોદ, સલાલ, હિંમતનગર, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા કેન્દ્રો પરથી ૧૪ હજાર પૈકી ફક્ત ૪ હજાર ખેડૂતો પાસેથી પુરવઠા નિગમ મગફળીની ખરીદી કરી શક્યું છે. તથા તે પૈકીના ૫૦ ટકાથી વધુ ખેડૂતોના નાણાં હજુ સુધી મગફળી વેચનાર ખેડૂતોને મળ્યા નથી જે ક્યારે મળશે તે અંગે નિગમના અધિકારીઓ ફોડ પાડતા નથી.

જેથી હવે પ્રશ્ન એ થાય છે કે જો ૩૫ દિવસમાં ૪ હજાર ખેડૂતો પાસેથી મગફળી ખરીદાઈ છે તો બાકીના ૧૦ હજાર ખેડૂતો પાસેથી મગફળી ખરીદવામાં કેટલો સમય જશે તે સમજાતું નથી. દરમ્યાન ઘણા દિવસોથી ખેડૂતોના ઘરમાં પડી રહેલી મગફળીમાં પતંગિયા જેવી જીવાતનો ઉપદ્રવ થયો હોવાને કારણે ખેડૂતોની હાલત હવેલી લેતા ઘર ખોયા જેવા હાલ થયા છે. અત્યારે ખેડૂતોની હાલત ન કહેવાય કે ન સહેવાય જેવી થઈ છે. જેથી પુરવઠા નિગમે ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવાની કામગીરીમાં ઝડપ લાવવી જોઈએ એમ ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

મોડાસાની વી.એસ. શાહ પ્રાથમિક શાળામાં ગીતા જયંતીની ઉજવણી

ગીતા જયંતી ઉજવણી પર્વમાં શાળાના બાળકોને અને તપસ્યા એકેડેમીના વિદ્યાર્થીઓને વિષ્ણુ

શાસ્ત્રીએ ગીતા વિષે વિસ્તૃત પૂર્વક સમાજ આપી ગીતા જ્ઞાનનો બોધપાઠ આપ્યો હતો અને જણાવ્યું હતું કે આજથી પાંચ હજાર વર્ષ પહેલાં આ જ દિવસે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા રણ મેદાનમાં અર્જુનને સ્વમુખે ભગવદ ગીતા સંભળાવી હતી. તદઉપરાંત બાળકોને ગીતા પોતાના ઘરમાં વસાવવા ગીતાના નિત્ય દર્શન કરવા ગીતાનું રોજ એક શ્લોકનું પઠન કરવું તેના વિશે વાત કરી હતી. પૂજનીય ગ્રંથો એવા ભગવદ ગીતાના જયંતિ નિમિત્તે મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષી, મંત્રી વિનોદ પટેલ તપસ્યા પેરા મેડિકલના ટ્રસ્ટી અમિત કવિ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય અમૃત રબારી અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે ભગવદ ગીતા પોતાને ઘરે લાવી તેનું નિત્ય પઠન કરવું એવું બાળકોને સમજાવી શપથ લેવડાવ્યા હતા.

મોડાસા રાજેન્દ્રનગર ચોકડી પાસેથી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૧૯

ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવવા બુટલેગરો સતત પ્રયત્નશીલ રહે છે. વિદેશી દારૂ ઘુસાડવા અવનવા કીમિયા અપનાવી રહ્યા છે. મોડાસા રૂરલ પોલીસે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર બાતમીના આધારે રાજેન્દ્રનગર ચોકડી નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા નંબર પ્લેટ વગરની રીક્ષાની ડ્રાઈવર સીટ અને પાછળ સીટ નીચે સંતાડીને લવાતો ૪૦ હજારનો વિદેશી દારૂ મળી કુલ રૂ. ૧.૯૧ હજારનો મુદ્દામાલ ઝડપી પાડી અમદાવાદ બાપુનગર વિસ્તારના ૩ લાંબરમૂછિયા બુટલેગરોને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

રાજેન્દ્રનગર ચોકડી નજીક મોડાસા રૂરલ પો.સ.ઈ કે.વાય. વ્યાસ અને તેમની ટીમે બાતમીના આધારે શામળાજી તરફથી આવતી નંબર વગરની સી.એન.જી રિક્ષાને અટકાવી તલાસી લેતા ડ્રાઈવર સીટ નીચે અને પાછળ સીટ નીચે સંતાડી રાખેલી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૮૦ બોટલ કી. રૂ.૪૦૦૦૦, રિક્ષાની કી. રૂ. ૧૫૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કી. રૂ. ૧૦૦૦ મળી કુલ રૂ. ૧૯૧૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી નૂરમોહમ્મદ મોં. સિરાજ (રહે,અખબારનગર છાપરા), મોં.સાકીબ મુન્નાભાઈ શેખ (રહે. ચાર રસ્તા પોલીસચોકી પાછળ, બાપુનગર),મોં.ઈરફાન ઉર્ફે અરબાઝ અબ્દુલ અજિત શેખ (રહે. નૂરમહેલ હોટલ સામે, મચ્છી માર્કેટ, બાપુનગર)ની ધરપકડ કરી ત્રણે આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઠંડી સામે રક્ષણ માટે શ્રમિકોને 'હૂંફ' પુરી પડાઈ

શિયાળો ધીમે ધીમે શહેરમાં કાતિલ બનતો જાય છે અને જેના કારણે શહેરમાં અસંખ્ય શ્રમજીવી પરિવારો પાટનગરમાં 'રેન બસેરા'ના અભાવે ઉપર આભ અને નીચે ધરતીની સ્થિતિમાં કડકડતી ઠંડીનો સામનો કરે છે. આવા ખુલ્લામાં રહેતા શ્રમિકોને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા હૂંફ પુરી પાડવાના ભાગરૂપે ગરમ વસ્ત્રોના વિતરણનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સે. ૨૦ અને સે. ૨૧ના શ્રમજીવી પરિવારોને વિતરણ કરાયું હતું. આ સદ્કાર્યમાં વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ ઉપરાંત અન્ય સ્વયંસેવકો મયુરભાઈ વ્યાસ, પ્રદિપભાઈ, ધીરૂભાઈ, જ્યોત્સના બુચ, ડૉ. ચેતના બુચ તથા નિસર્ગ બુચ જોડાયાં હતા. આ સાથે શહેરના અંતિમધામ ખાતે કામ કરતા શ્રમિકો સફાઈનું કામ કરતા કામદારો સહિત વિદ્યાર્થીઓને પણ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાંકણોલ પંચાયત હસ્તકની ૯૦થી વધુ સોસાયટીઓ હિંમતનગર નગરપાલીકામાં આવવા તત્પર

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર નગરપાલીકાની હદમાં જોડાવા માટે આસપાસના ગામડાઓમાં આવેલ અનેક સોસાયટીઓના રહીશો તત્પર છે ત્યારે તાજેતરમાં નવા ગ્રામપંચાયત હસ્તકની કેટલીક સોસાયટીઓને હિંમતનગર પાલીકામાં ભેળવવા માટે ગ્રામસભામાં ઠરાવ કરાયા બાદ કાંકણોલ પંચાયતની હદમાં આવતી ૯૦થી વધુ વધુ સોસાયટીઓના રહીશોએ હિંમતનગર પાલીકામાં આવી જવા માટે તત્પરતા દાખવી રહ્યા છે. ત્યારે તાજેતરમાં તે અંગે ચર્ચા કરવા માટે હિંમતનગરમાં વિશાળ બેઠક યોજાઈ હતી. જોકે કાંકણોલ પંચાયતની આગામી દિવસોમાં યોજાનાર ગ્રામસભામાં કેવો નિર્ણય લેવાય છે તે જોવાનું રહ્યું.

કાંકણોલ પંચાયત આવતી ૯૦થી વધુ સોસાયટીઓમાં આખો ગાયત્રી મંદિર વિસ્તાર, સાંઈવીલા, વૈષ્ણવદેવી, કુમકુમ, શ્યામ સુંદર, સહકારી જીન વિસ્તાર, શિવ બંગ્લોઝ, ગોકુલધામ, કૃષ્ણધામ, સોલ્ટ બંગ્લોઝ સહીતની સોસાયટીઓનો સમાવેશ થાય છે.

આ અંગેની વિગત એવી છે કે નવા ગ્રામ પંચાયત હસ્તકની કેટલીક સોસાયટીઓને હિંમતનગર પાલીકામાં ભેળવી દેવા માટે નવા પંચાયતની મળેલી ગ્રામસભામાં ઠરાવ કરાયો હતો. તો બીજી તરફ હિંમતનગર નજીક આવેલ કાંકણોલ પંચાયત હસ્તકની ૮૦થી વધુ સોસાયટીઓમાં રહેતા હજારો પરીવારો હિંમતનગર પાલીકામાં આવી જવા માટે તત્પર છે જે અંગે તાજેતરમાં હિંમતગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ મહાકાલી મંદિર હોલમાં વિશાળ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં થયેલી વિવિધ ચર્ચાઓને અંતે હિંમતનગર પાલીકામાં આ સોસાયટીઓનો સમાવેશ કરવાની તૈયારીઓ સાથે સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો. જો કે પંચાયતમાંથી પાલીકાની હદમાં જે વિસ્તારોનો સમાવેશ કરવો હોય તો તેના માટે ગ્રામસભામાં ઠરાવ કરવો પડે છે. જેથી આગામી દિવસોમાં અને શક્યતઃ તા. ૨૬ ડિસેમ્બરે કાંકણોલ ગ્રામપંચાયતની યોજાનાર ગ્રામસભામાં આ અંગે ચર્ચા વિચારણા કરાયા બાદ નિર્ણય લેવાય તેવી શક્યતા છે. એમ આ વિસ્તારના અગ્રણી પ્રવિણસિંહ વિહોલનું કહેવું છે.

ઉલ્લેખનીય છે કે હિંમતનગરના પૂર્વ વિસ્તારનો વિકાસ દિન પ્રતિદિન વધતો જાય છે ત્યારે જ્યારે હિંમતનગર નગરપાલીકાને મહાનગરપાલીકાનો દરજ્જો મળશે ત્યારે ભવિષ્યમાં હિંમતનગરની આસપાસમાં આવેલ સાતથી વધુ ગ્રામ પંચાયતના વિસ્તારો આપોઆપ ભેળવાઈ જશે. દરમ્યાન એવુ પણ જાણવા મળ્યું છે કે આગામી દિવસોમાં યોજાનાર કાંકણોલ પંચાયતની ગ્રામસભા ૯૦ પૈકી ગમે તે એક સોસાયટીમાં યોજવામાં આવે તેવો શુર વ્યક્ત થયો ત્યારે તેમાં પણ અનેક લોકોએ વાંધા વચકાં ઉભા કર્યા હતા.

ગાયત્રી મંદિર વિસ્તારમાં આજે પણ સુવિધાઓ નથી

કાંકણોલ પંચાયત હસ્તકના ગાયત્રી મંદિર વિસ્તારનો આજથી ૨૫ વર્ષ અગાઉ આવિષ્કાર થયો હોવા છતાં આજે પણ આ વિસ્તારની અનેક સોસાયટીઓમાં ગટરલાઈન, બાગબગીચા તથા રસ્તાની કોઈ સુવિધા ન હોવાને કારણે રહીશો ટેક્સ ચુકવતા હોવા છતાં પાયાની સગવડો મળતી નથી.

ગિફ્ટસીટી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કનેક્ટિવીટીમાં સહાય તેમજ યોગ્ય મની મેનેજર્સ ઉપરાંત આંતરરાષ્ટ્રીય રોકાણકારો સુધી પહોંચ વિસ્તારવા માટે માર્કેટીંગની પહેલને આવરી લેવાશે. તબક્કે ગિફટ સીટીના એમ ડી અને ગૃપ સીઈઓ અજય પાંડેએ જણાંવ્યુ હતુ કે વૈશ્વિક મની મેનેજર્સના ભારતમાં રોકાણની તકો અંગે વધી રહેલા રસને કારણે ગિફટ સીટી આઈએફએસ સી ભારતમાં આંતરરાષ્ટ્રીય નાણાંકીય સેવાઓમાં રોકાણનુ નવુ દ્વાર બની રહ્યુ છે. હાલમાં ગિફટ સીટીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સ્ચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જ, સહીત વિવિધ બેંકો મળીને કુલ ૨૦૦થી વધુ કંપનીઓ સક્રીય છે. ૮૫૦૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે. બ્લુમબર્ગ એશિયા પેસિફિકના ગવર્નમેન્ટ તથા રેગ્યુલેટરી અફેર્સ બાબતોના અધ્યક્ષ નિતીન જયસ્વાલે જણાંવ્યુ હતુ કે ગિફટ આઈ એફ એસ સી તથા બ્લુમબર્ગ વચ્ચેનુ જોડાણ, આધુનિક નાણાંકીય માળખુ તથા બજારની પારદર્શકતાથી વધુ રોકાણ આકર્ષવામાં મદદ મળે છે તે સિધ્ધાંત પર આધારિત છે.

સેટેલાઈટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રુકમણી નામ આપવામાં આવ્યું હતું તે પણ લોંચ કરવામાં આવી ચુક્યું છે. ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે આની લોંચ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તે ભારતીય નૌકા સેના માટે તૈયાર કરવામાં આવેલા ખાસ સેટેલાઈટ તરીકે છે. આ સેટેલાઈટ નેવીના યુદ્ધ જહાજો, સબમરીન અને વાયુ દળને સંચારની સુવિધા ઉપલબ્ધ કરાવે છે.

રાજ્યભરમાં ઠંડી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દિવસે ભારે ભીડ જોવા મળ હતી. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા વિસ્તારોમાં નિચલી સપાટી ઉપર ઉત્તરીય પૂર્વથી પૂર્વીય પવાનો ફુંકાવાથી તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ રહેશે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં હજુ પણ બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, ખાસ કરીને બનાસકાંઠા, પાટણ, મોરબી, રાજકોટ અને કચ્છમાં કોલ્ડવેવ ફરી વળે તેવી શક્યતા છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે.

સ્વપ્રદર્શી પર્વ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ સમારોહમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ માણેકલાલ પટેલ 'સરદાર' ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત આ ગામના વતની અને પૂર્વ સનદી અધિકારી તેમજ સાહિત્યકાર ભાગ્યેશ જહા, ભરતભાઈ માણેકલાલ પટેલ, ભગવાનભાઈ એમ. પટેલ, કમલેશ આર. પટેલ પણ ઉપસ્થિત રહેનાર છે.

આ પર્વની ઉજવણીની વિશેષતા એ છે કે શિક્ષણના વિસ્તૃતીકરણની સાથોસાથ કેમ્પસની કાયાપલટ પણ અનિવાર્ય છે. નવા શિક્ષણ સંકુલ માટેના પ્લાન નકશાના માધ્યમથી સ્વપ્રને મજબૂત બનાવાશે. તેમજ ઈજનેરી કૌશલ્યને પ્રતિબિંબિત કરતા અદ્યતન-સુવિધાસભર સંકુલના સ્વપ્રને આંખે આંજવાનું પર્વ બની રહેશે.

આ સંકુલમાં આર્ટસ-કોમર્સ મહિલા કોલેજ, સ્વનિર્ભર બનવા માટે હોટેલ મેનેજમેન્ટ, હોસ્પિટલ મેનેજમેન્ટ, ઓફિસ મેનેજમેન્ટ, સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટસ તથા એપ્લાઈડ આર્ટસ જેવા વૈવિધ્યસભર અભ્યાસક્રમોનો આરંભ કરવાનો સંકલ્પ થશે.

વિક્રમી ઠંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. છેલ્લા કેટલાક સમયથી વાદળિયા વાતાવરણ સાથે ઠંડા પવનના સુસવાટાથી ઠંડીની અસર બેવડાતા આમ પણ જનજીવન આક્રમક કોલ્ડવેવથી પ્રભાવિત છે.ત્યારે લઘુત્તમ તાપમાનમાં પણ ગિરાવટ આવતા ઠંડીનુ જોર બેવડાયુ છે. એક ઝાટકે જ ઠંડીનો પારો સીધો સિંગ્લ ડિઝીટમાં આવી ગયો છે. હરિયાળા ગાંધીનગરમાં ઠંડીની મોસમ આમ પણ વધુ નિખરે છે. ત્યારે અત્યાર સુધી ગાંધીનગર રાજયમાં સૌથી ઠંડુગાર શહેર પણ બની રહ્યુ છે. બુધવારે લઘુત્તમ તાપમાન ૭.૨ ડિગ્રીએ પહોંચતા સવારથી જ આક્રમક ઠંડીએ નગરને બાનમાં લીધુ હતુ. દિવસ દરમિયાન પણ ઠંડીની અસર વર્તાઈ હતી. વાહનચાલકો ગરમ કપડામાં લપેટાયેલા રહ્યા હતા. જયારે સાંજના સમયે ઠંડીથી રક્ષણ મેળવવા ઠેર ઠેર તાપણા થતા જોવા મળ્યા હતા. શ્રમિક વર્ગ આક્રમક ઠંડીના દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયો હતો. સવારે મોર્નિંગ વોક કરનારાઓ પણ ઘરમાં પુરાઈ રહ્યા હતા. લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાન પણ ઘટયુ હતુ. મહત્તમ તાપમાનમાં પણ ૨.૪ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો. જયારે વહેલી સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધતા ઠંડીની સાથે વધતા ભેજના લીધે ધુમ્મસિયુ વાતાવરણ સર્જાયુ હતુ. ઉત્તર ભારમાં હિમવર્ષા સાથે કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે ગાંધીનગરમાં પણ મોસમના બદલાતા મિજાજ સાથે ઠંડીનો ઉગ્ર મિજાજ જોવા મળ્યો છે. સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીના લીધે નગરજનો બરફીલા પવન સાથે ઠુંઠવાઈ રહ્યા છે.

કડક તાકીદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી પણ ૩૧-૧૨-૧૮ સુધીમાં પુરી થાય એટલુ જ નહિ આ માટે જે કંઈ કાર્યવાહી કરવાની હોય તે પણ પતાવીને જિલ્લાને મોડામાં મોડુ પ મી જાન્યુઆરી સુધીમાં મોકલી આપવા જણાવ્યુ હતુ.

આજની આ બેઠકમાં જિલ્લા આયોજન મંડળના કામોમાં ધારાસભ્યો દ્વારા સૂચવવામાં આવેલ કામોના અમલીકરણમાં ગતિ આવે તેવો પણ આગ્રહ કર્યો હતો એટલુ જ નહિ સાંસદોની ગ્રાન્ટમાંથી પણ કરવાના થતા કામોથી સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા જણાવ્યુ હતુ.

આયોજન મંડળના વિકાસ કામો ઉપરાંત ધારાસભ્યો-સાંસદો દ્વારા સૂચવાયેલ વિકાસ કામો, એ.ટી.વી.ટી. અંતર્ગત કરવાના થતા કામો, રાષ્ટ્રીય પર્વની ઉજવણીને લઈ અપાતી તાલુકાને વિશેષ પ્રોત્સાહક ગ્રાન્ટના કામોની આજની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

ગયું.' એમ કહેતા દોડાદોડ ઓફિસે જવા નીકળે છે. જ્યારે ઘણા તો અગિયાર વાગી ગયા હોવા છતાં એકદમ નિરાંતે જાણે ઓફિસે મુલાકાતે જતા હોય એમ જાય છે. જાણે તેઓ પહોંચે પછી જ ઓફિસમાં સાડાદસ વાગતા હશે. તમે નહીં માનો પણ એક ભાઈ બરાબર બાર વાગ્યે ઘેરથી નીકળતા હતા તેઓ અમદાવાદની ઓફિસે ખબર નહીં કેટલા વાગ્યે પહોંચતા હશે ? તમને જો કોઈએ બરાબર સાડાદસ વાગ્યે કોઈને ઓફિસમાં મળવાનો સમય આપ્યો હોય અને તમે સામાન્ય પ્રજાજનની જેમ ઓફિસ સમય કરતાં પા કે અડધો કલાક વહેલા દરવાજાની અંદર પ્રવેશી ગયા હોય તો તમારી શી દશા થાય તે અમે અનુભવના આધારે બરાબર સમજી શકીએ છીએ. જેમ મુંડે મુંડે મતિર્ભિન્ના તેમ માણસે માણસે અલગ પ્રમાણ સમય હોઈ શકે છે.હવે જેમની ઘડિયાળ બંધ હોય અથવા ઘડિયાળ પહેરી જ ના હોય તે લોકોએ ખરેખર તો સમયનું બંધન સ્વીકાર્યું હોતું નથી. આવા લોકો ગમે ત્યારે ઓફિસે આવે છે અને ગમે ત્યારે કચેરીની વિદાય લે છે.ઘણીવાર તો અધિકારીએ તેમને કોઈ કામે મોકલ્યા હોય ત્યારે રસ્તામાં આવતી કેંટિનની મુલાકાત લેવાનું તેઓ ચૂકતા નથી. ચાપાણી કર્યા પછી તેમનું કોઈ અંગત કામ યાદ આવી જાય તો સરકારી અધિકારીએ સોંપેલું કામ સ્વાભાવિક રીતે જ તેઓ ભૂલી જાય છે. અને કેંટીનમાંથી કચેરીની વિદાય લઈ લે છે. આ લોકોની આવી સમયબધ્ધતાને ધ્યાનમાં લઈને તેઓને કર્મચારીઓના નેતા બનવાનું કામ પુરસ્કાર રૂપે પ્રાપ્ત થાય છે.

કચેરીના કામકાજના સમયમાં કચેરીના કામ કરી કરીને થાકી ગયેલા અથવા કંટાળી ગયેલા કર્મચારીને રિફ્રેશ થવા માટે રિસેષ આપવામાં આવે છે. એક જૂનો જોક્સ અત્યારે યાદ આવે છે. એક પ્રશ્નપત્રમાં પ્રશ્ન પૂછાયો, 'સરકારી કર્મચારીઓ ક્યારે કામ કરે છે ?' જવાબ આપવામાં આવ્યો, 'ભાગ્યે જ.' મતલબ કે સરકારી કર્મચારી કામ કરતા થાકી જાય કે કામથી કંટાળી જાય એવું બનવાનો કોઈ સંભવ નથી. પરંતુ સરકારે વિરામ માટે સમય આપ્યો જ છે તો વિરામ ભોગવવાનો પોતાને પૂરેપૂરો હક્ક છે તેમ સમજી દરેક કર્મચારી વિરામનો સમય પૂરેપૂરા આરામ થી ભોગવે છે. અમારા મિત્રો ચાપાણી કરી કેંટીન બહાર આવી સુંદર હરિયાળા ઘાસ પર બેસતા.આમ તો રિસેષનો સમય અડધા કલાકનો હોય છે, પણ સમયનું બંધન સ્વીકારવાનુ અમારા મિત્રો માટે અશક્ય હતું. તેમાંય જો મિત્રો અધ્યાત્મની વાતોએ ચડી ગયા હોય (વાતો નહી સત્સંગ) તો રાવણનો પગ કદાચ રાવણ હટાવી શકે પણ આ લોકોને કોઈ કારણ ઊઠાડી ના શકે.

આ જ કર્મચારીઓનો ભારતીય પ્રમાણ સમય છૂટવાને સમયે એકદમ બદલાઈ જાય છે. તેઓનો છૂટવાનો સમય કચેરીના છૂટવાના સમય કરતા સ્વાભાવિક રીતે જ પા કે અડધો કલાક વહેલો થઈ જાય છે. આગળ કહ્યું તેમ જેમ અમુક ભાઈ-બહેનોનો ઘેરથી નીકળવાનો સમય સાડાદસનો હોય છે તેમ તેમનો ઘેર પહોંચવાનો સમય પણ છ ને દસનો હોય છે.કેટલાક ભાઈ બહેનોને તો ઓફિસથી છૂટીને બજારમાંથી શાકભાજી લઈને ઘેર જવાનું હોય છે,એટલે તેમણે શાકભાજી ખરીદવાનો સમય પણ એડજસ્ટ કરીને ઓફિસનો ત્યાગ કરવો પડે છે. વરસો પહેલાં સરકારી કચેરીનો સમય સાડાદસથી સાડા પાંચ નો હતો. ''વા ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર; શૂરા બોલ્યા ના ફરે ભલે પશ્ચિમ ઊગે સૂર. '' એ ન્યાયે અમારા કેટલાક શૂરવીર કર્મચારીઓએ હજી સાડા પાંચે છૂટવાનો સમય જાળવી રાખ્યો છે.

પહેલાના જમાનામાં ''યથા રાજા તથા પ્રજા'' મતલબ કે જેવો રાજા તેવી પ્રજા ; પણ અત્યારના સમયમાં આ સૂત્ર સ્વીકારાય તેમ નથી , કારણ કે લોકશાહીમાં લોકો રાજાને એટલે કે નેતાને પસંદ કરે છે તેથી પ્રજા મોટે ભાગે પોતાના વિચારોને અનુરૂપ હોય તેવો જ લીડર પસંદ કરે છે. એટલે દરેક જગ્યાએ મોડા પડવાની વૃત્તિ લોકોને તેમના નેતાઓ તરફથી જ મળી છે તે હકીકત છે. ગમે તે પક્ષ હોય તેનો નેતા કોઈ દિવસ નક્કી કરેલા સમયે સભાસ્થળે પહોંચતો નથી અને નિયત સમયમાં પોતાનું ભાષણ પૂરું કરતો નથી.

અંગ્રેજીમાં કહેવત છે કે "time and tide waits for none' અર્થાત સમય કદી અટકતો નથી. પણ આપણે અટક્યા વગર છૂટકો નથી. તો અહીં જ અટકીએ, બરાબર ને ?